(૧૫)

**પ્ર.૧ (અ) બીજા શ્રમણસૂત્રના આધારે માગધી શબ્દ લખો. (૨)**

| | જવાબ |
|---|---|
| ૧. આધાકર્મી આહાર લીધો હોય | **ઉગ્ગમેણં** |
| ૨. ગાયને આપવા માટેની રોટલી લીધી હોય | **મંડી પાહુડિયાએ** |
| ૩. દાળના ટીપા પડતા હોય તેવો આહાર લીધો હોય | **પારિસાડણિયાએ** |
| ૪. સચેતની શંકા હોય છતા આહાર લીધો હોય | **સંકિએ** |

**(બ) નીચેના શબ્દોના અર્થ લખીને કયા પાઠમાં આવે છે? (૫)**

| | મૂળ પાઠ | પાઠ |
|---|---|---|
| ૧. વધારે સૂતા રહેવાથી | **પગામસિજ્જાએ** | **પહેલું શ્રમણસૂત્ર** |
| ૨. વંદન કરું છું | **વંદામિ** | **સામાયિકનો બીજો/પાંચમો પાઠ** |
| ૩. સેવા કરવી | **સેવણા** | **પ્રતિક્રમણનો પાંચમો પાઠ** |
| ૪. રોકી દીધા છે | **પડિહય** | **પાંચમું શ્રમણસૂત્ર** |
| ૫. મિથ્યાભાવે કરેલી | **મિચ્છાએ** | **પ્રતિક્રમણનો ત્રીજો પાઠ** |

**(ક) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. નમોત્થુણંમાં તીર્થંકરને કેટલી અને કઈ કઈ ઉપમા આપવામાં આવી છે?

**જ. સાત. સિંહ, પુંડરિક, કમળ, ગંધહસ્તિ, દીપક, દ્વીપ, સારથી.**

૨. બાર આવર્તન કયા કયા છે?

**જ. અહો, કાયં, કાય, જત્તા ભે, જવણિ, જ્જં ચ ભે આ ૬ આવર્ત્તન અને બીજી વખત આ પાઠ બોલાય ત્યારે ૬ આવર્ત્તન, એમ ૧૨ આવર્ત્તન થાય.**

૩. કેવળી ભગવાન વિહાર કરે કે નહિ? પાપ ભોગવે કે નહિ? શા માટે?

**જ. વિહાર કરે કારણ કે આયુષ્ય છે, સંયમજીવન છે માટે. પાપ ભોગવે કારણ કે પૂર્વભવના કર્મ ભોગવવાના બાકી હોય તો.**

૪. સાધકે સ્વાધ્યાય ક્યારે અને કેટલીવાર કરવાનો હોય?

**જ. અન્ય અસજ્ઝાય ટાળીને કાલિક સૂત્રનો સ્વાધ્યાય રાત્રિના પહેલા અને ચોથા પ્રહરે તથા દિવસના પહેલા અને ચોથા પ્રહરે એમ ચાર પ્રહર અને ઉત્કાલિક સૂત્રનો સ્વાધ્યાય ચાર સંધ્યાકાળ છોડીને આઠે પ્રહર કરી કરી શકાય છે.**

(૫૫)

**પ્ર.૨ (અ) ડાલાપાલાના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૮)**

૧. જઘન્ય પરિત્ત અસંખ્યાતા એટલે શું?

**જ. ચારે પાલા ભરાઈ જવા પર તે ચારે પાલાના સરસવના દાણા તથા છેલ્લો દાણો જે દ્વીપ કે સમુદ્રમાં પડ્યો હતો ત્યાંથી પ્રથમ દ્વીપ જંબૂદ્વીપ સુધી પડેલા બધા દાણાને ભેગા કરવા અને એક ઢગલો કરવો. તે બધા દાણાની ગણના કરતા જે સંખ્યા આવે તે.**

૨. પ્રતિશલાકા પાલાની પરિધિ, જગતિ અને વેદિકા કેટલી?

**જ. ૩ લાખ ૧૬ હજાર ૨૨૭ યોજન ૩ ગાઉ ૧૨૮ ધનુષ ૧૩॥ આંગુલ ઝાઝેરી, ૮ યોજન, અડધો યોજન.**

૩. જ્યારે મહાશલાકા પાલામાં એક અને બે દાણા હોય ત્યારે બાકીના ત્રણ પાલા કેવા હોય?

**જ. મહાશલાકા પાલામાં એક દાણો હોય ત્યારે અનવસ્થિત પાલો ભરેલો અને શલાકા–પ્રતિશલાકા ખાલી હોય અને મહાશલાકામાં બે દાણા હોય ત્યારે અનવસ્થિત પાલો ભરેલો અને શલાકા–પ્રતિશલાકા ખાલી હોય.**

૪. સંખ્યાતાના પ્રકાર કેટલા? કયા કયા તે સમજાવો.

**જ. ત્રણ. જઘન્ય સંખ્યાતા – માત્ર બે ની સંખ્યા, મધ્યમ સંખ્યાતા – ૩,૪,૫ થી ઉત્કૃષ્ટ સંખ્યાતાથી એક સંખ્યા ન્યૂન. ઉત્કૃષ્ટ સંખ્યાતા – જઘન્ય પરિત્ત અસંખ્યાતા કરતા એક સંખ્યા ન્યૂન.**

**(૨) ખાલી જગ્યા પૂરો. (૩)**

૧. કંદમૂળના એક ટુકડામાં ...... શરીર અને એક શરીરમાં ...... જીવો હોય છે.

**જ. અસંખ્ય, અનંત.**

૨. અનંતકાળનું પરિભ્રમણ અટકાવવા અનંત ...... ભય પેદા કરવો. ..... થી બચવું.

**જ. સંસારનો, પાપોથી**

૩. એક વખતનો ક્ષણિક ક્રોધ ...... અશાતા અને ...... અશાતાનો અનુબંધ કરાવી શકે છે.

**જ. અસંખ્યાતકાળની, અનંતી.**

**(૩) એક વાક્યમાં જવાબ આપો. (૪)**

| | જવાબ |
|---|---|
| ૧. પાલાની કુલ ઊંડાઈ કેટલી છે? | **૧૦૦૮॥ યોજન (જગતિ અને વેદિકા સહિત).** |
| ૨. એક પુદ્ગલ પરાવર્તનમાં કેટલો સમય પસાર થાય? | **અનંતી ઉત્સર્પિણી અવસર્પિણી.** |
| ૩. આઠમા અનંતા કેવી રીતે મળે? | **જઘ. અનંતા અનંત પછી મધ્યમ અનંતા અનંતના સ્થાન છે.** |
| ૪. ડાલાપાલા કયા આગમમાંથી લેવામાં આવ્યો છે? | **શ્રી અનુયોગદ્વાર સૂત્ર પ્રમાણ પદ.** |

**(બ) પુદ્ગલ પરાવર્તનના આધારે જવાબ લખો. (૧૫)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો. (૧૦)**

૧. બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન અને સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન સમજાવો. (૪)

**જ. બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા લોકના આકાશાસ્તિકાયના બધા જ આકાશ પ્રદેશોને વિના ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તે બાદર ક્ષેત્ર પુદ્ગલ પરાવર્તન.**

**સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન – એક જીવ પોતાના મરણ દ્વારા ઉત્સર્પિણી અને અવસર્પિણીકાળના સમસ્ત સમયોને ક્રમથી જેટલા સમયમાં સ્પર્શ કરી લે છે, તે સૂક્ષ્મ કાળ પુદ્ગલ પરાવર્તન.**

૨. પુદ્ગલમાં શું છોડવાનું છે? શા માટે? (૨×૨)

**જ. રાગદ્વેષ કારણ કે જે અપમાનના શબ્દ સાંભળીને ગુસ્સો કરે છે તે જ પુદ્ગલને પ્રશંસા રૂપે અનંતીવાર સાંભળીને તું ખુશ થયેલો અને કર્મ બાંધેલા. આજે એ જ શબ્દ સાંભળી ગુસ્સો કરીને કર્મ બાંધે છે.**

૩. સર્વ જીવ અપેક્ષા ઔદારિક, વચન, મન અને તૈજસ પુદ્ગલ પરાવર્તનનો અલ્પબહુત્વ લખો.

**જ. સર્વથી થોડા વચન પુદ્ગલ પરાવર્તન, તેથી મન પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી ઔદારિક પુદ્ગલ પરાવર્તન અનંતગુણા, તેથી તૈજસ પુદ્ગલ પરાવર્તન અનંતગુણા.**

૪. પુદ્ગલ પરાવર્તન કયા સૂત્ર અને ગ્રંથનો અધિકાર છે? તે કાલિક છે કે ઉત્કાલિક? અંગ છે કે ઉપાંગ? (૧)

**જ. ભગવતી સૂત્ર શતક ૧૨, ઉદ્દેશો ૪, કાલિક છે. અંગ છે. પાંચમો કર્મગ્રંથ પ્રદેશબંધ દ્વાર.**

૫. આહારક અને વૈક્રિય પુદ્ગલ પરાવર્તનમાં કેટલો કાળ પસાર થાય છે? (૧)

**જ. આહારકનું પુદ્ગલ પરાવર્તન થતું નથી. અનંતી ઉત્સર્પિણી અવસર્પિણીકાળ. અનંત અનંત કાળચક્ર વહી જાય છે.**

**(૨) નીચેના જીવો ભૂત અને ભવિષ્યમાં કેટલા પુદ્ગલ પરાવર્તન કરે? (૫)**

| | ભૂતમાં | ભવિષ્યમાં |
|---|---|---|
| ૧. આંબાના જીવે કીડાપણે કાર્મણ | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૨. મનુષ્યના જીવે મનપણે | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |
| ૩. રત્નના જીવે ભાષાપણે | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |

| | | |
|---|---|---|
| ૪. કાળના જીવે કાળપણે ઔદારિક | **કર્યા નથી** | **કરશે પણ નહિ** |
| ૫. કીડીના જીવે વાયરાપણે વૈક્રિય | **અનંત** | **જે કરશે તે જ. ૧,૨,૩ ઉ. અનંત** |

**(ક) આયુષ્યના ૧૮૦૦ ભાંગાના આધારે જવાબ લખો.** **(૧૩)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. આયુષ્ય તૂટવાના કારણો કેટલા છે? પહેલા ત્રણ અર્થ સાથે લખો. (૩)

**જ. સાત. ૧) અધ્યવસાય – અતિ હર્ષ, અતિ શોક કે અતિ ભય વગેરેથી, ૨) નિમિત્ત – શસ્ત્ર, દંડ આદિથી, ૩) આહાર – વધારે, પ્રતિકૂળ કે અલ્પ કે શૂન્ય આહાર વગેરેથી.**

૨. સોપક્રમી આયુષ્યનો બંધ છેલ્લે ક્યારે થાય છે? શા માટે? (૨×૪)

**જ. જો આયુષ્યનો બંધ ત્રીજા ત્રીજા ભાગે ન પડે તો છેલ્લું અંતર્મુહૂર્ત આવી જાય ત્યારે થાય છે કારણ કે પરભવનું આયુષ્ય બંધાયા વિના કોઇપણ સંસારી જીવ મરતો નથી અને પરભવમાં જન્મતો નથી.**

૩. આયુષ્યના ભાંગા કેટલા? નામ કર્મ સાથે કેટલા ભાંગા? કેવી રીતે?

**જ. ૧૮૦૦ ભાંગા. ૬૦૦ ભાંગા. ૧ સમુચ્ચય જીવ + ૨૪ દંડકના એકેક જીવ છ બોલનો બંધ કરે એટલે ૨૫×૬= ૧૫૦. ૧ સમુચ્ચય જીવ + ૨૪ દંડકના ઘણા જીવ છ બોલનો બંધ કરે એટલે ૨૫×૬=૧૫૦ એટલે ૩૦૦ બોલ. ૩૦૦ નિદ્ધત આયુષ્યના + ૩૦૦ નિકાચિત આયુષ્યના = ૬૦૦ નામ કર્મ સાથે.**

૪. સિદ્ધ ભગવાન, કીડા, ગરમર અને હેમવયમાં કેટલા જીવો ચ્યવે અને ઉપજે?

**જ. સિદ્ધ ભગવાન – જ. ૧, ૨, ૩ થી ૧૦૮ ચવે પણ ઉપજે નહિ.**

**કીડા – જ. ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા, અસંખ્યાતા જીવો ચવે અને ઉપજે.**

**ગરમર – સમયે સમયે અનંતા જીવો ચવે અને ઉપજે.**

**હેમવય – જ. ૧, ૨, ૩ યાવત્ સંખ્યાતા જીવો ચવે અને ઉપજે.**

૫. ૨૭ વર્ષના સોપક્રમી આયુષ્યવાળાનો બંધ ક્યારે થાય?

**જ. ૧૮ વર્ષે, ૨૪ વર્ષે, ૨૬ વર્ષે, ૨૬ વર્ષ ૮ માસ, ૨૬ વર્ષ ૧૦ માસ ૨૦ દિવસ આમ આયુષ્યનો બંધ ત્રીજા ભાગે ન પડે તો છેલ્લા અંતર્મુહૂર્તમાં અવશ્ય પડે છે.**

**(૨) નીચેના જીવોને કયું આયુષ્ય હોય?** **(૨)**

| | **જવાબ** |
|---|---|
| ૧. વર્તમાને ગજસુકુમાર | **એકપણ નહિ** |
| ૨. મસલા | **સોપક્રમી અથવા નિરૂપક્રમી** |
| ૩. મઘાના જીવો | **નિરૂપક્રમી** |
| ૪. પિત્તમાં ઉપજવાવાળા જીવો | **સોપક્રમી અથવા નિરૂપક્રમી** |

**(ડ) વિરહપદના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૧૨)**

૧. શામ, વંશા, ઈરવતમાં સામાયિક ચારિત્ર અને સંજ્ઞી કોયલનો જ. અને ઉ. વિરહ લખો. (૪)

| | **જઘન્ય** | **ઉત્કૃષ્ટ** |
|---|---|---|
| **મહાઘોષ** | **૧ સમય** | **૨૪ મુહૂર્ત** |
| **વંશા** | **૧ સમય** | **૭ દિવસ** |
| **ઈરવતમાં સામાયિક ચારિત્ર** | **૬૩૦૦૦ વર્ષ ઝાઝેરો** | **દેશે ઊણા ૧૮ ક્રો.ક્રો. સાગર** |
| **સંજ્ઞી કોયલ** | **૧ સમય** | **૧૨ મુહૂર્ત** |

૨. ૬ મહિના અને ઉત્કૃષ્ટ ૧૨ મુહૂર્તનો વિરહ કોનો છે? (૫)

**જ. ૬ મહિના – સાતમી નરક, ૬૪ ઈન્દ્ર, ચંદ્રગ્રહણ, સૂર્યગ્રહણ, સિદ્ધ ૧૨ મુહૂર્ત – સમુચ્ચય નરક ગતિ, સમુચ્ચય તિર્યંચ ગતિ, સમુચ્ચય મનુષ્ય ગતિ, સમુચ્ચય દેવ ગતિ, ગર્ભજ તિર્યંચ, ગર્ભજ મનુષ્ય.**

૩. મનુષ્યની અશુચિમાં કોણ ઉત્પન્ન થાય છે? તો શું કરવું જોઇએ? (૧)

**જ. સંમૂર્ચ્છિમ મનુષ્ય માટે ગટરનો ઉપયોગ જેટલો બને તેટલો ટાળવો.**

૪. કેટલી ગતિમાંથી એક જીવ નરકમાં આવે છે? નરક ગતિનો વિરહ કેટલો છે? (૧)

**જ. બે ગતિમાંથી. ૧૨ મુહૂર્ત.**

૫. ....... મહિને એક જીવ મોક્ષમાં જાય છે. ૬ મહિને એક જીવ ....... અવશ્ય જાય. (૧)

**જ. છ, સાતમી નરકમાં.**

(૧૦)

**પ્ર.૩ સંસ્કાર વિભાગના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. પુદ્ગલનો સ્વભાવ શું છે? વસ્તુ બગડે તો આત્માને કેટલું નુકસાન થાય છે?

**જ. જે વસ્તુનું સર્જન થાય છે તે એક દિવસ બગડે છે અને એક દિવસ નાશ પણ થાય જ છે. વસ્તુ બગડે તો આત્માને નુકસાન નથી પરંતુ ભાવ બગડે તો આત્માને નુકસાન થાય છે.**

૨. મન રૂપ ઘોડાને કેવી રીતે વશ કરવાનો છે? મનનુ ઘડતર શા માટે કરવાનું છે?

**જ. શ્રુતજ્ઞાનની લગામથી સમ્યક્ પ્રકારે વાંચના, પૃચ્છના, પરિયટ્ટણા, ધર્મકથા અને અનુપ્રેક્ષા એ ધર્મશિક્ષાથી બાંધીને વશ કરવાનો છે. જીવનમાં સુખ-શાંતિ માટે.**

૩. વચન ઘડતરના કોઈપણ બે ફળ લખો.

**જ. ૧) જતનાથી જાગૃતિ સહિત બોલવાથી જીવ ૪ અશુભ ઘાતી કર્મ બાંધતો નથી. પૂર્વે બાંધેલાનો ક્ષય કરે છે. ૨) ૪ અશુભ અઘાતી કર્મ બંધાતા નથી. ૩) ઉપયોગ સહિત બોલવાથી શાતા વેદનીય, શુભ આયુષ્ય, શુભ નામ અને ઊંચ ગોત્ર આ ૪ શુભ અઘાતી કર્મ બાંધે છે. ૪) સંવર અને નિર્જરાનો લાભ મળે છે. મોક્ષમાર્ગની આરાધના થાય છે.**

૪. કાયાનો પ્રશસ્ત અને સમ્યક્ ઉપયોગથી શું થાય? કયા ગુણો પ્રગટ કરવાના છે?

**જ. કાયાનો પ્રશસ્ત ઉપયોગ તપ, સેવા, વૈયાવચ્ચ કરાવી શકે. કાયાનો સમ્યક્ ઉપયોગ અશરીરી બનાવી શકે. અહિંસા, ઉદારતા, ક્ષમા, કષ્ટ સહિષ્ણુતા, અપમાન સહન કરવું, સેવા-વૈયાવચ્ચ, પરોપકારીપણું, સાદાઈ, નિર્વ્યસની વગેરે ગુણો પ્રગટ કરવા.**

૫. ....... અને ........ ને વધારવાથી ....... અને ....... દૂર થશે.

**જ. સુસંસ્કાર, સદ્ગુણ, કુસંસ્કાર, દુર્ગુણ.**

(૧૦)

**પ્ર.૪ વાર્તાના આધારે નીચેના પ્રશ્નોના જવાબ બે કે ત્રણ લીટીમાં લખો.**

૧. જીવનું ભવ્યસિદ્ધિકપણું સ્વાભાવિક છે કે પારિણામિક? શા માટે? તેની વ્યાખ્યા લખો.

**જ. સ્વાભાવિક કારણ કે તેમાં કદાપિ કોઈપણ પરિવર્તન થતું નથી. જે લક્ષણ કે ગુણ કોઈપણ પ્રકારના પરિવર્તન વિના સ્વભાવથી જ હોય છે તેને સ્વાભાવિક કહે છે જેમ કે આત્મામાં ચૈતન્ય વગેરે.**

૨. કનકરથ રાજા પોતાના પુત્રોને શા માટે વિકલાંગ બનાવી દેતા હતા?

**જ. કનકરથ રાજા પોતાના રાજ્ય અને અંતઃપુરમાં મૂર્ચ્છિત, લોલુપ આસક્ત થઈ ગયા હતા, તેથી તેઓ જન્મ પામતા પોતાના પુત્રોને વિકલાંગ કરી દેતા હતા, જેથી તે વિકલાંગ રાજકુમાર ભવિષ્યમાં રાજા બની શકે નહિ.**

૩. તામલી તાપસે કોના નિવેદનનો અસ્વીકાર કર્યો? તેઓ ક્યાં અને કેવી રીતે ઉત્પન્ન થયા?

**જ. બલિચંચાના દેવોના. તામલી બાલતપસ્વી ૬૦૦૦૦ વર્ષની પર્યાયનું પાલન કરીને, બે માસની સંલેખનાથી આત્માને શુદ્ધ કરીને કાળનો અવસર આવતા કાળધર્મ પામીને ઈશાનવતંસક વિમાનની ઉપપાત સભાની દિવ્ય વસ્ત્રથી ઢાંકેલી દેવશય્યામાં, ઈશાન દેવલોકના ઈશાનેન્દ્ર રૂપે ઉત્પન્ન થયા.**

૪. તેતલીપુત્રને કયું જ્ઞાન ઉત્પન્ન થયું? તેમનો પૂર્વભવ શું હતો?

**જ. જાતિસ્મરણજ્ઞાન. પૂર્વભવમાં તેઓ મહાપદ્મ નામે રાજા હતા અને પોતે દીક્ષા લઈ ૧૪ પૂર્વોનું અધ્યયન કરેલ. ઘણા વર્ષ સાધુપણું પાળીને એક માસનો અણસણ કરી સાતમા મહાશુક્ર દેવલોકમાં ઉત્પન્ન થયા હતા.**

૫. તામલી તાપસે કઈ પ્રવજ્યા લીધી? તેમણે શું અભિગ્રહ ધારણ કર્યો?

**જ. પ્રાણામા. હું જાવજ્જીવ સુધી છટ્ઠ છટ્ઠની તપસ્યા કરીશ. ભિક્ષાવિધિ દ્વારા લાવેલા શુદ્ધ ઓદણને ૨૧**

**વાર પાણીથી ધોઈને તેનો આહાર કરીશ.**

**(૧૦)**

**પ્ર.પ નીચેના જવાબ કાવ્યના આધારે લખો.**

૧. બે લાખ જીવાયોનિ કોની છે? તે જેમાં આવે છે તે કડી લખો. (૨)

**જ. બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય. દશ લાખ પ્રત્યેક વનસ્પતિ, ચૌદ લાખ સાધારણ,**
**બે તે ચૌરિંન્દ્રિય જીવના, બે બે લાખ વિચાર... તે મુજ...**

૨. સુવાવડી, વાણિયા, છીપા, કોટવાલથી શરૂ થતી કડી પૂર્ણ કરો. (૮)

**જ. સુવાવડી દૂષણ ઘણા, વળી કાચા ગર્ભ ગળાવ્યા, જીવાણી ઢોળ્યા ઘણા, શિયળ વ્રત ભંગાવ્યા... તે મુજ...**
**વાણિયાના ભવ જે કર્યા, કૂડાં લેખ લખાવ્યા, ઓછું આપી અધિકું લીધું, કૂડાં માપ રખાવ્યા... તે મુજ...**
**છીપાના ભવે છેતર્યા, કીધા રંગણ પાશ, અગ્નિ આરંભ કીધા ઘણા, ધાતુર્વાદ અભ્યાસ... તે મુજ...**
**કોટવાલના ભવે મેં કીધા, આકરા કર દંડ, બંદીવાન મરાવીયા, કોરડાં, છડી, દંડ... તે મુજ...**

**જય – જિનેન્દ્ર**